Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Education - ISSN : 2320-0014
Continuous Issue-22 | February – March 2019

# ભગવદ્ ગીતા અને વ્યવસ્થાપન

**પ્રસ્તાવના**

આધુનિક યુગમાં જ્ઞાન-વિજ્ઞાનની અનેક શાખાઓ વિસ્તરી છે. તેમાં વ્યવસ્થાપન એક બહુચર્ચિત વિષય છે. વ્યવસ્થાપન પર અસંખ્ય પુસ્તકો લખાયા છે. પ્રાચીન ભારતનાં ગ્રંથોમાં જ્ઞાન-વિજ્ઞાનની અનેક શાખાઓ અંગેના વિચારો આપાણને પ્રાપ્ત થાય છે. ગીતામાં જ્ઞાનનાં સર્વ વિષયો શોધી શકાય તેમ છે. એ સંજોગોમાં ભગવદ્ ગીતા વ્યવસ્થાપનને કોઇ માર્ગદર્શન આપી શકે તેમ છે કે નહિ તે તપસવું જોઇએ.

**વ્યવસ્થાપન એટલે શું?**

ઉધ્યોગીકરણ સાથે કંપનીઓ, ફેકટરીઓ, કારખાનાઓ, કોર્પોરેટર હાઉસ, સરકારી કાર્યાલયો વગેરે અનેક ક્ષેત્રો, વેપાર, ઉધોગ અને પ્રવૃતિઓથી ધમધમતા થયા છે. કર્મચારીઓના પ્રશ્નો, વહીવટના પ્રશ્નો, મેનેજર, મેનેજમેન્ટ, અન્ય કંપનીઓ સાથેની સ્પર્ધા, સાથે સાથે સ્પર્ધાના યુગમાં કર્મચારી તરીકે અને કંપની તરીકે ટકવાની આવશ્યકતાઓ ઉદ્ભવી છે. મોંઘવારી, હડતાલો, વસ્તુની આયાત-નિકાસ, ઉત્પાદન વગેરે અંગે અનેક પ્રશ્નો ઉભા થયા છે.

આ બધામાં અનેક મુશ્કેલીઓ હોવાથી નીચેના પ્રશ્નો ઉભા થાય છે.

૧. કર્મચારીઓને કામનું દબાણ અને માનસિક તણાવ

૨. કર્મચારીઓની પ્રમાણિકતાના પ્રશ્નો

3. મેનેજરોની આવડત અને કુશળતાના પ્રશ્નો

૪. માલિક અને મેનેજરના સંબંધો

૫. બજારમાં કંપનીને ટકાવવાના પ્રયત્નો

આ સંદર્ભોમાં ભગવદ્ ગીતામાંથી મેનેજમેન્ટને લગતું માર્ગદર્શન શોધવાના પ્રયત્નો થયા છે.

**ભગવદ્ ગીતામાં મેનેજમેન્ટની પરિભાષા 'યોગ' શબ્દ દ્વારા પ્રસિદ્ધ કરેલ છે.**

ભગવદ્ ગીતા અનુસાર 'યોગ'ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે.

**योगः कर्मसु कौशलम्।२.५०।** અર્થાત્ કર્મમાં કુશળતા એટલે યોગ.

**समत्वं योग उच्यते।२.४८।** અર્થાત્ સમત્વ યોગ છે.

મેનેજમેન્ટ માટે આ બંને પરિભાષા ઉપયોગી છે.

**કર્મમાં કુશળતા**

- મેનેજરની કાર્યક્ષમતા
- કર્મચારીઓમાં કામની જાણકારી
- કંપનીમાં વપરાતા યંત્રોને ચલાવવાની આવડત
- બજારમાં માંગ અને પુરવઠાની માહિતી
- લોકોની રૂચિ પ્રમાણે વસ્તુ ઉત્પાદનની આવડત

**સમત્વ યોગ**

- કર્મચારીઓ અને મેનેજર
- મેનેજર અને માલિક
- બજાર અને મેનેજર
- સમાજની જરૂરિયાતો

**વ્યવસ્થાપન માટે જરૂરી ત્રણ બાબતો**

ભગવદ્ ગીતાના ૧૮માં અધ્યાયમાં એક મહત્વનો શ્લોક આવે છે જે આજનાં મેનેજમેન્ટ ક્ષેત્રે ખૂબ ઉપયોગી પૂરવાર થયો છે.

**अधिष्ठानं तथा कर्ता कारणं च पृथग्विधम्।**

**विविधाश्च पृथक्चेश्टा दैवं चैवात्र पंचमम्॥१८.१४॥**

**૧. અધિષ્ઠાન એટ્લે સ્થાનઃ-**

કુશળ મેનેજમેન્ટ માટે યોગ્ય સ્થાનની પસંદગી કરવી જોઇએ. કેમ કે યોગ્ય સ્થાન ન હોય તો સારું વ્યવસ્થાપન થઇ શકતું નથી. દા.ત. કોલસો, પાણી, વીજળી જેવી વસ્તુઓ ન મળતી હોય તો ત્યાં કારખાનાનો ઉપયોગ ન રહે.

રેલ્વે એન્જિન બનાવવાના કારખાના કલકત્તામાં કેમ છે? ગુજરાતમાં કેમ નથી? તેનો જવાબ અધિષ્ઠાન માંથી મળે છે.

**૨. કર્તાઃ-**

મેનેજમેન્ટની ભાષામાં કર્તા એટલે માલિક અથવા મેનેજર. મેનેજમેન્ટમાં કર્તા બદલાતા રહે છે. કેમ કે મેનેજમેન્ટના સંદર્ભમાં કર્તા મેનેજર છે. ફેકટરીના સંદર્ભમાં કર્તા માલિક છે અને જે કામ કરવાનું છે તેમાં કર્મચારી કર્તા છે. હવે કર્તા માટે ત્રણ બાબતો જરૂરી છે.

- **. કર્તા**




- **કર્મચારી**




**૩. કરણઃ-**

કરણ એટલે સાધન, કુશળ મેનેજમેન્ટ માટે પ્રાપ્ત સાધનોનો પૂરો ઉપયોગ કરવો પડે. મેનેજમેન્ટ ચલાવવા માટે મેનેજરના સાધનોમાં,

- તેના હાથ નીચેના કર્મચારીઓ
- કર્મચારીઓને કામ માટે જરૂરી મશીનરી, કોમ્પ્યુટર વગેરે
- મેનેજર દ્વારા પોતાના ઉત્પાદનોને બજાર સુધી પહોંચાડવા માટેની એજન્સીઓ, પબ્લિસીટી વગેરે

**મેનેજરના લક્ષણો**

ભગવદ્ ગીતામાં સીધી રીતે મેનેજરના લક્ષણો નથી પરંતુ ભગવદ્ ગીતામાં જે આદર્શ પુરુષની વાત કરી છે તેમાં મેનેજરના લક્ષણોને પ્રાપ્ત કરી શકાય છે.

જેમ કે સ્થિતપ્રજ્ઞના લક્ષણો અધ્યાય-૨ નાં ૫૪ થી ૭૨ શ્લોકોમાં વર્ણવેલ છે.

- મેનેજર સ્થિતપ્રજ્ઞ હોવો જોઇએ એટલે કે કર્મચારીઓના વર્તન, માલિકના વર્તન, બજારમા ચડાવ-ઉતારની પરિસ્થિતિ વગેરેમાં તટસ્થ રહીને તેને કામ કરવાનું છે.
- મેનેજર પોતાની જાતે સંતુષ્ટ હોવો જોઇએ એટલે કે પોતે જે વ્યવસ્થાપન કરી રહ્યો છે, શક્ય તેટલા કામ કરી રહ્યો છે તેવો વિશ્વાસ હોવો જોઇએ.
- મેનેજર રાગ, ભય અને ક્રોધ વગેરેમાં મુનિ જેવો હોવો જોઇએ. રાગ એટલે આ કર્મચારી મારો છે, તે મને વધુ પ્રિય છે, પેલો માણસ મને ગમતો નથી એવા ગમા-અણગમાં મેનેજરે રાખવા ન જોઇએ. ઉપરાંત ભય વગેરેનો એટલે કે મેનેજમેન્ટમાં એણે કોઇની શેહ-શરમ રાખવાની હોતી નથી.
- આસક્તિ એટલે લાલચ, લાંચ લઇને ગમે તે માર્ગે પૈસા બનાવીને કામ કરનાર મેનેજર પોતાને અને કંપનીને પણ ડુબાડે છે.
- મેનેજરને શુભ-અશુભ વસ્તુઓમાં આનંદ કે દ્વેષ ન થવો જોઇએ એટલે કે જો સફળ થાય તો ગર્વ આવી જાય અને નિષ્ફળ જાય તો માનસિક તનાવ પેદા થાય છે આથી સ્થિતપ્રજ્ઞની જેમ મેનેજરે સ્થિતબુદ્ધિ રાખવી જોઇએ.
- મેનેજરે કાચબાની જેમ પોતાના અંગોને સમેટીને વ્યવસ્થાપન કરવું જોઇએ એટલે કે મેનેજરે પોતાની ઓફિસ માંથી વારંવાર બહાર નીકળી કર્મચારીઓના કામમાં વિક્ષેપ પાડવો જોઇએ નહિ. સર્વ પ્રવૃતિઓનું નિયંત્રણ એક સ્થળે બેસીને કરવું જોઇએ.
- કુશળ વહીવટકર્તાએ કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે લાગણીઓ ઉપર કાબુ રાખવો જોઇએ કેમ કે ઇન્દ્રિયો દ્વારા માણસની બુદ્ધિનો નાશ થતો હોય છે. (૨.૬૨ થી ૬૫ શ્લોક)

  ભગવદ્ ભક્તના પણ કેટલાક લક્ષણો સમાવિષ્ટ થાય છે તેમાં મેનેજરે દ્રઢ નિર્ણય વાળો હોવો જોઇએ, સંતુષ્ટ હોવો જોઇએ, કંપની તેને જે પગાર આપતી હોય તેનાથી વિશેષ મેળવવાની ઇચ્છા ન હોવી જોઇએ. મેનેજર દ્વેષ કરનારો ના હોવો જોઇએ કેમે કે જો તે તેની નીચેના કર્મચારીઓની નાની ભૂલ માટે તેના તરફ પૂર્વગ્રહ રાખી તેને ધમકાવ્યા કરે તો સારું મેનેજમેન્ટ થઇ શકે નહિ.
- મેનેજરમાં કાર્યદક્ષતા હોવી જોઇએ. વારંવાર નિર્ણયો બદલતો ન હોવો જોઇએ.
- મેનેજર વ્યથા વગરનો એટલે કે ઉશ્કેરાઇ જાય, નાસીપાસ થાય તેવો ન હોવો જોઇએ કેમ કે તેમ કરવાથી તેની સંસ્થામાં એનેક પ્રશ્નો ઉભા થાય છે અને છેવટે અસફળતા મેળવે છે.
- મેનેજર શત્રુ અને મિત્ર પ્રત્યે સમાન ભાવ રાખવો જોઇએ.(૧૨.૧૮) કારણ કે ધંધા અને સ્પર્ધાની દુનિયામાં કોઇ કોઇનુ કાયમી શત્રુ કે મિત્ર હોતુ નથી. આથી મેનેજરે અન્ય પ્રતિસ્પર્ધી વ્યક્તિ કે કંપનીઓ સાથે શિષ્ટાચાર પુર્વક વ્યવહાર કરવો જોઇએ. કેમ કે વ્યવ્સાય કે સફળતા અન્ય વ્યક્તિઓના સહકાર વગર શક્ય નથી.

### કર્મચારીઓ

મેનેજમેન્ટમાં સૌથી અગત્યની વસ્તુ કર્મચારીઓ પાસેથી કામ લેવાની આવડત છે. આ માટે કુશળ કર્મચારીઓની જરુર પડે છે. આ કર્મચારીઓ વ્યાવસાયિક આવડત વાળા હોવા જોઇએ. મેનેજરે કર્મચારીઓને કાર્યદક્ષ બનાવવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી પડે.

### મેનેજરની ફરજો

- **यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।**
  અર્થાત્ શ્રેષ્ઠ વ્યક્તિ જે આચરણ કરે છે તેનું લોકો અનુસરણ કરે છે.

- આથી મેનેજેરે એવું આચરણ કરવું જોઇએ જેથી બીજા કર્મચારીઓને પણ તેમ કરવાનો ઉત્સાહ વધે છે.
- મેનેજરે કર્મચારીઓમાં બુદ્ધિભેદ ન ઉત્પન્ન કરવો જોઇએ.(૩.૨૬) તેના હુકમો, આદેશો વગેરે યોગ્ય હોવાં જોઇએ.
- ભગવાન કૃષ્ણ કહે છે કે મેં ચાર વર્ણોની ઉત્પતિ ગુણ અને કર્મ પ્રમાણે મેનેજરે કામની સોંપણી, તેનામાં રહેલી આવડત અને કયા વિભાગમાં કેટલું કામ છે તેવી ગુણવત્તાને આધારે કરવું જોઇએ.
- ભગવદ્ ગીતાનો ૧૮મો અધ્યાય સમજાવે છે કે स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः। એટલે કે મેનેજરે કર્મચારીઓને તેમના કામ, કુશળ બનવાથી મળતા પ્રમોશન વગેરેથી મળતા લાભો સમજાવવા જોઇએ.
- મેનેજરે કર્મચારીઓના ત્રણ પ્રકાર પાડવા જોઇએ જે ભગવદ્ ગીતાના ૧૭માં અધ્યાયમાં સમજાવ્યું છે. સાત્વિક, રાજસ અને તામસી એવા ત્રણ પ્રકારના કર્મચારીઓ હોય છે. તામસી કર્મચારીઓ માલિક કે કંપની વિરુદ્ધ હડતાળ પાડનારા કે ઉશ્કેરનારા હોય છે. રાજસી કર્મચારીઓ વગર વિચારે કામ કરનારા હોય છે અને સાત્વિક કર્મચારીઓ નિષ્ઠા વાળા હોય છે.
- મેનેજરે આવી અશાંતિઓને દૂર કરવા માટે મેનેજરે ત્રણે પ્રકારના કર્મચારીઓને એવી રીતે ગોઠવવા જોઇએ કે જેથી રાજસી અને તામસી કર્મચીરીઓ તેમને અંકુશમાં રાખી શકે.(૧૪.૧૦)

### વ્યવસ્થાપનમાં આધ્યાત્મિકતા

કુશળ મેનેજમેન્ટ ત્યારે જ સફળતા પામી શકે જ્યારે તે યાંત્રિક ન બની જાય. કર્મચારીઓ અને મેનેજરો કામ કરતા હોય પણ ધાર્યું પરિણામ ન આવતું હોય. મેનેજમેન્ટ પણ જીવંત વસ્તું છે. આથી ભગવદ્ ગીતા મેનેજમેન્ટમાં એક નવી દિશા સૂચવે છે. જે નીચે પ્રમાણે છે.

- મેનેજર અને કર્મચારીઓએ સમજવું જોઇએ કે તેમનું કાર્યએ વેઠ, ઢસરડો, શારીરિક કે માનસિક સંતાપ નથી પરંતુ કર્મ દ્વારા ઇશ્વરની પૂજા કરવાની છે.(૧૮.૪૬)
- આપણા કાર્યો કે જવાબદારીઓ, અહંકાર, બળ, દંભ, ઘમંડ, કામ, ક્રોધ વગેરે છોડીને કરીએ તો ચોક્કસ સફળતા મળે છે.(૧૮.૫૩)
- બધા કર્મો પરમતત્વને અર્પણ કરવાથી દુઃખનો નાશ થાય છે.(૧૮.૫૭)

- કર્મ બ્રહ્મથી ઉત્પન્ન થયેલું છે.કર્મથી જ સૃષ્ટિ ટકે છે.(૩.૧૫)
- મેનેજર અને કર્મચારીઓએ યાદ રાખવું જોઇએ કે ઉત્તમ કર્મ કરવું એ જ તેમના અધિકાર ક્ષેત્રમાં છે. કર્મનું ફળ સ્વને આધીન નથી પણ આત્માની પ્રસન્ન્તા માટે ઉત્તમ કાર્ય કરવું જોઇએ. એ જ  ઉપાસના છે, એ જ યજ્ઞ છે.

## સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન પદ્ધતિ સાહિત્ય સમીક્ષા કરેલ છે.

## ઉપસંહાર

આમ, મેનેજમેન્ટ જેવા ક્ષેત્રમાં પણ ભગવદ્ ગીતાનું ખૂબ જ યોગદાન રહેલું છે. આઇ.આઇ.એમ. ઉપરાંત અન્ય મેનેજમેન્ટની ઘણી બધી મોટી-મોટી સંસ્થાઓમાં પણ ભગવદ્ ગીતાને વ્યવસ્થાપનનાં એક વિષય તરીકે ભણાવવામાં આવે છે. આમ, આજના મેનેજમેન્ટ જેવાં અદ્યતન વિષયમાં પણ ભગવદ્ ગીતાનું બહું મોટુ પ્રદાન રહેલું છે.

## સંદર્ભસૂચિ


I. કૃષ્ણકૃપામૂર્તિ . (૨૦૧૬), **શ્રીમદ્ ભગવદ્ ગીતા**, મુંબઇ : ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ.


*****************************************************************************


**Shah Neha Rajnikant**
Ph.D Scholar
Department of Education & Philosophy
Gujarat University


Copyright © 2012 - 2019 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat